# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/ 12037 તા.03 /૦૮/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, તમામ
જિ.સુરત.

વિષય:- મેલેરિયા રોગના નિર્મૂલન અભિયાન-૨૦૩૦ અંતર્ગત ઝુંબેશનું આયોજન કરવા બાબત.

સંદર્ભ:-કમિશનર શાળાઓની કચેરી,ગાંધીનગરનો પત્ર ક્રમાંક નં:ઘ/માધ્ય/પરચ/૨૦૨૪-૨૫/૭૧૦૦-૩૩ તા.૩૦/૦૭/૨૦૨૪

આ સાથે સામેલ કમિશનર શાળાઓની કચેરી,ગાંધીનગરનો પત્ર ક્રમાંક નં:ઘ/માધ્ય/પરચ/૨૦૨૪-૨૫ /૭૧૦૦-૩૩ તા.૩૦/૦૭/૨૦૨૪ તા.૨૪/૦૭/૨૦૨૪ના પત્ર અન્વયે તમામ શાળામાં ગુજરાત રાજયમાં સરકારશ્રી દ્વારા ૨૦૩૦ સુધીમાં મેલિરિયા રોગના નિર્મૂલન કરવાનો નિર્ધાર નું આયોજન કરવા બાબતે જાણ તથા અમલ થવા સારૂ.

Joshi

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૪-૨૫/ ૭૨૦૦-૩૩

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
પુનિત વનની સામે, સે-૧૯
ગુ.રા., ગાંધીનગર.
તા.૩૦-૦૭-૨૦૨૪

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ.

**વિષય: મેલેરિયા રોગના નિર્મૂલન અભિયાન-૨૦૩૦ અંતર્ગત ઝુંબેશ બાબત.**
સંદર્ભ: કમિશનરશ્રી આરોગ્યની કચેરી, ગાંધીનગરના તા.૨૨-૦૭-૨૦૨૪ના પત્ર.

ઉપરોકત વિષય અને સંદર્ભદર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજ્યમાં સરકારશ્રી દ્વારા ૨૦૩૦ સુધીમાં મેલેરિયા રોગનું નિર્મૂલન કરવાનો નિર્ધાર કરવામાં આવેલ છે.

મેલેરિયા નિર્મૂલનના તથા વાહક જન્ય રોગોના લક્ષને પ્રાપ્ત કરવા તથા આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આ સાથે સામેલ માર્ગદર્શીકા મુજબ કાર્યવાહી તેમજ નીચે મુજબની સુચનાઓ આપવા જણાવવામાં આવે છે.

- શાળામાં એક નોડલ શિક્ષકની નિયુક્તિ કરવી તથા ૪ થી ૫ વિદ્યાર્થીઓની શાળા કક્ષાએ એક ટીમ બનાવી તેઓ દ્વારા દર અઠવાડિએ સ્કૂલ કેમ્પસની ખુલ્લી જગ્યામાં સ્થગિત થયેલ પાણીમાં મચ્છર ઉત્પત્તિ અંગે ચકાસણી કરી તેને દૂર કરાવવા.
- શાળાના બાળકોને તેમના ઘરમાં અને આજુબાજુ મચ્છર ઉત્પત્તિ શોધવા અને તેને નાબુદ કરવા સંદર્ભમાં આરોગ્ય શિક્ષણ આપવું.
- શાળાના બાળકો દ્વારા તેમના ઘરોમાં આવી કામગીરી સક્રિય રીતે કરવામાં આવે તે ઝુંબેશ ગોઠવવી.
- શાળાઓમાં મેલેરિયા અને અન્ય વાહકજન્ય રોગોના સંદર્ભમાં નિબંધ વકૃત્વ સ્પર્ધાઓ યોજી તેમાં બાળકોને સામેલ કરવા.
- શાળામાં જે શૌચાલય/ યુરિનલમાં પાણીની ટાંકી હોય છે, તેના પર ઢાંકણ જોવા મળતું નથી. પરિણામે તે પાણીની ટાંકીમાં તમામ પ્રકારના મચ્છર ઉત્પન્ન થાય છે. તો તે ટાંકીમાં અવશ્ય ઢાંકણ મુકાય તે જોવાનું રહેશે.

મેલેરિયા નિયંત્રણ સૌની જવાબદારી છે જે નિભાવવા બધાએ સાથે મળીને તેના નિર્મૂલન માટે પ્રયત્ન કરવા તત્પર રહેવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :- ૮૯૯૨
તારીખ :-
સંખ્યા :-
સહી :-

**બિડાણ: માર્ગદર્શીકા**

**નાયબ શિક્ષણ નિયામક**
**માધ્યમિક**
**ગુ.રા.ગાંધીનગર**

# મેલેરિયા નિયંત્રણ અંગેની જાણકારી

**મુખ્ય સંદેશ**

- મેલેરિયા રોગ અટકાવી શકાય છે.
- મેલેરિયા રોગ ફેલાવતા મચ્છરો ચોખ્ખા પાણીમાં પેદા થાય છે.
- મેલેરિયા રોગ ચેપી માદા એનોફીલીસ મચ્છરદ્વારા ફેલાય છે.
- મેલેરિયા રોગ ફેલાવતા માદા એનોફીલીસ મચ્છર રાત્રે ડંખ મારે છે.

**<u>શું કરવું</u>**

- તાવ હોય તો લોહીની તપાસ કરાવો.
- સાદો મેલેરિયા હોય તો ૧૪ દિવસની અને ઝેરી મેલેરિયા હોય તો ૩ દિવસની સંપૂર્ણ સારવાર લો
- મચ્છરથી બચવા મચ્છર વિરોધી ક્રીમ, કોઈલ અને અગરબત્તી. ઉપયોગ કરો.
- ઘરમાં અને ઘરની આજુબાજુમાં રહેલ પાણી સંગ્રહના પાત્રોને હવાચુસ્ત ઢાંકણાંથી બંધ રાખો
- ઘરની આજુબાજુ પાણીનો ભરાવો ન થવા દો અને ભરાયેલ પાણીને વહેવડાવી દો.
- પાણીના નાના ખાડા ખાબોચીયા પૂરી દો.
- કાયમી ભરાઈ રહેતા પાણીના તળાવોમાં પોરાભક્ષક માછલીઓ અવશ્ય મુકાવો. ઘરની બારી બારણામાં મચ્છર જાળી લગાવો.
- ઘરના બારી બારણા , ખાસ કરીને સવાર અને સાંજ બંધ રાખો .
- સુતી વખતે જંતુનાશક કે સાદી મચ્છરદાનીનો ઉપયોગ કરો.

**<u>શું ના કરવું</u>**

- મેલેરિયા હોય તો સારવાર અધુરી ના મુકવી.
- ઘરમાં અને ઘરની આજુબાજુમાં રહેલ પાણી સંગ્રહના પાત્રોને ખુલ્લા, ના રાખો
- ઘરની આજુબાજુમાં પાણીનો ભરાવો થવા દેશો નહી.

# ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા રોગ નિયંત્રણ સૌની જવાબદારી

જરૂરી સંદેશ -

- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા રોગ અટકાવી શકાય છે.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા રોગ ફેલાવતા મચ્છરો ઘરની અંદર અને બહાર સંગ્રહિત ચોખ્ખા પાણીમાં પેદા થાય છે.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા રોગ ચેપી માદા એડીસ મચ્છરના કરડવાથી થાય છે.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા ફેલાવતા મચ્છરો દિવસ દરમ્યાન ડંખ મારે છે.


શું કરવું.-

- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા ફેલાવતા મચ્છરોના ડંખથી બચવા આખી બાંયના કપડા પહેરવા તથા શરીરના ખુલ્લા ભાગ પર ક્રીમ નો ઉપયોગ કરવો.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાથી બચવા મચ્છરદાનીનો ઉપયોગકરવો.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીએ ખાસ મચ્છરદાનીમાં સુવાનો આગ્રહ રાખવો.
- પાણી સંગ્રહ કરવાના થતા તમામ પાત્રો હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવા.
- દર અઠવાડીયે ફુલદાની, કુંડા, પક્ષીકુંજતથા પાણી સંગ્રહના તમામ પાત્રોને ખાલી કરી, ઘસીને સાફ કરી, સુકવવા અને ત્યારબાદ જ ઉપયોગમાં લેવા.
- બારી બારણામાં મચ્છરજાળી લગાવવી.
- ઘર,ધાબા પર અને ઘરની આસપાસ પડી રહેલ નકામા ખાલી પાત્રો,ભંગાર,ટાયર, નાળીયેરની કાછલી વગેરેનો નાશ કરવો.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના તાવ દરમ્યાન પુષ્કળ પ્રવાહી લેવું અને આરામ કરવો.

શું ન કરવું. -

- ઘર અને ઘરની આસપાસ ફુલદાની, કુંડા, પક્ષીકુંજ તથા પાણી સંગ્રહના તમામ પાત્રોમાં પાણી ભરાઈ ન રહે તે જોવું.
- વરસાદી સીઝન દરમ્યાન નકામા પાત્રો જેવા કે, બોટલ, ટીન, ટાયર અને નાળીયેરની કાછલી,ભંગાર વગેરેને ખુલ્લામાં નાખવી નહી.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાની કોઈ ખાસ દવા ઉપલબ્ધ નથી આમ ડોક્ટરના માર્ગદર્શન વગર દવાઓ લેવી નહી.
- એસ્પીરીનનો ઉપયોગ કરવો નહી.
- ડોક્ટરની સલાહ વગર ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવા નહી.

# શિક્ષણ વિભાગ







- શાળામાં એક ટિચરની નોડલ તરીકે નિયુક્તિ કરવી તથા ૪ થી ૫ વિધ્યાર્થીઓ ની એક ટીમ બનાવી તેઓ દ્વારા દર અઠવાડિએ સ્કૂલ કેમ્પસની ખુલ્લી જગ્યામાં સ્થગિત થયેલ પાણીમાં મચ્છર ઉત્પત્તિ અંગે ચકાસણી કરી તેને દુર કરાવવા.
- શાળાના બાળકોને તેમના ઘરમાં અને આજુબાજુ મચ્છર ઉત્પત્તિ શોધવા અને તેને નાબુદ કરવા સંદર્ભમાં આરોગ્ય શિક્ષણ આપવું.
- શાળાના બાળકો દ્વારા તેમના ઘરોમાં આવી કામગીરી સક્રિય રીતે કરવામાં આવે તે ઝુંબેશ ગોઠવવી.
- શાળાઓમાં મેલેરીયા અને અન્ય વાહકજન્ય રોગોના સંદર્ભમાં નિબંધ વક્તુત્વ સ્પર્ધાઓ યોજી તેમાં બાળકોને સામેલ કરવા.
- શાળામાં જે શૌચાલય/ યુરીનલમાં પાણીની ટાંકી હોય છે, તેના પર ઢાંકણ જોવા મળતું નથી. પરિણામે તે પાણીની ટાંકીમાં તમામ પ્રકારના મચ્છર ઉત્પન્ન થાય છે. તો તે ટાંકીમાં અવશ્ય ઢાંકણ મુકાય તે જોવાનું રહેશે.